*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 067542

# 01 (G)

**(MAY, 2021)**

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 34 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A [20]

1) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| 1) રેસનો ઘોડો | (અ) હાસ્યનિબંધ |
| 2) છત્રી | (બ) લોકકથા |
| 3) ગતિભંગ | (ક) નવલકથા-ખંડ |
| 4) ઘોડીની સ્વામી ભક્તિ | (ડ) નવલિકા |
| | (ઈ) લઘુકથા |

2) **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [4]

1) ગાંધીજી _____ ને લગભગ અપરાધ ગણતા હતા. (સાદગી, માંદગી, સ્વાવલંબી)

2) ઝૂંપડામાં _____ કણસી રહી હતી. (માણકી, જશોદા, જયાવતી)

3) ઘોડીની સ્વામીભક્તિ _____ ની લોકકથા છે. (ગોહિલવાડ, ઝાલાવાડ, કાઠીયાવાડ)

4) ડુંગર અને તેની પત્ની _____ સમયે સ્ટેશન તરફ જતા હતા. (સવારના, બપોરના, સાંજના)

3) **નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

1) શાહુકાર હિસાબનું ગણિત કેવું ગણતા?

2) ડુંગરની પત્નીને હૈયે શું જડાઈ ગયું હતું?

4) **નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

1) લેખક કોને ક્રૂર કટાક્ષ ગણાવે છે? કેમ?

2) ''બાવાનાં બેય બગડયાં'' એમ કાળુ શા માટે કહે છે?

3) આંબાપટેલે વછેરીનું જતન કેવી રીતે કરવા માંડયું?

5) **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

1) 'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે' - વિધાન સ્પષ્ટ કરો.

2) 'જન્મોત્સવ' નવલિકા દ્વારા લેખકે રજૂ કરેલો સામાજિક કટાક્ષ સ્પષ્ટ કરો.

3) 'ચોપડાની ઈન્દ્રજાળ' આત્મકથાખંડને આધારે જીવલાનું પાત્રાલેખન કરો.

## વિભાગ – B [20]

**6) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [4]

| (અ) કૃતિ | (બ) સાહિત્યકાર |
|---|---|
| 1) હું એવો ગુજરાતી | (અ) કલાપી |
| 2) એક બપોરે | (બ) નરસિંહ મહેતા |
| 3) શિકારીને | (ક) રાજેન્દ્ર શાહ |
| 4) વૈષ્ણવજન | (ડ) રાવજી પટેલ |
| | (ઈ) વિનોદ જોશી |

**7) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [4]

1) બરકત્ત વિરાણીનું ઉપનામ _____ છે. (બેફામ, બેદિલ, કલાપી)
2) દીકરી _____ વ્રત કરે છે. (દશામાનુંવ્રત, ગૌરીવ્રત, લક્ષ્મીજીનુંવ્રત)
3) ગુજરાતીના શ્વાસોમાં _____ વહે છે. (મહિસાગર, નર્મદા, સાબરમતી)
4) નાયિકા અષાઢિલો મેઘ _____ ને કહે છે. (પતિ, જેઠ, દિયર)

**8) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

1) મુક્તકનો વિશેષ ગુણ કયો છે?
2) કવિ રાવજીપટેલ પોતાની માતાને શું કરવાનું કહે છે?

**9) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

1) કવિના મતે કોના દર્શન કરવાથી ઈકોતેર પેઢી તરી જવાય છે?
2) યમુનાજળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે?
3) 'ચાંદલિયો' લોકગીતને આધારે રાત્રિનું વર્ણન કરો.

**10) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દશ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

1) 'દીકરી' ગઝલમાં વ્યક્ત થયેલ પિતાના મનોભાવો જણાવો.

2) 'શિકારીને' કાવ્યમાં કવિ પ્રકૃતિજગત અને પ્રાણીજગતનું સૌહાર્દ કઈ રીતે રજૂ કરે છે.

3) વતનથી વિદાય થતા કવિને ભ્રમણાંજ તેમની વેદનાને કઈ રીતે ઘેરી બનાવે છે?

## વિભાગ – C [20]

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

**11)** નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

શીખામણ (શીકામણ, શિખામણ, શિકામણ)

પ્રતીબિંબ (પ્રતિબીંબ, પ્રતિબિંબ, પ્રતીબીંબ)

**12)** 'પોષ + અન્ન' - શબ્દની સાચી સંધિ જોડો [1]

(પોષણ, પોશણ, પોસણ)

**13)** 'શરદપૂનમ' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(તત્પુરૂષ સમાસ, દ્વન્દ્વ સમાસ,મધ્યમપદલોપી સમાસ)

**14)** યોગ્ય જોડકું જોડો : [1]

| (અ) | (બ) |
|---|---|
| 1) કર્તરિ વાક્ય રચના | (અ) જીવલાથી શી રીતે દેવું ભરાશે? |
| 2) કર્મણિ વાક્ય રચના | (બ) વિશ્વરાજને હસવું આવ્યું. |
| | (ક) મહાજને સુંદરજી શેઠની વાત ધ્યાનથી સાંભળી. |

15) 'કાળુને તો પોતાના પેલા વિચાર જાણે બાલિશ લાગવા માંડ્યા.' - વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [1]

(ઉત્પ્રેક્ષા અલંકાર, અનન્વય અલંકાર, રૂપક અલંકાર)

16) 'નીરોગી' શબ્દમાં ક્યો પ્રત્યય રહેલો છે? [1]

(પૂર્વ-પ્રત્યય, પર-પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

17) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

1) ફડક (ચિત, ચિંતા, ચિતા)

2) દષ્ટિ (નયન, નેત્ર, નજર)

18) 'સુંદરતા' સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [1]

(ભાવવાચક સંજ્ઞા, સમૂહવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા)

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

19) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

પાટે ચડી જવું.

20) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [1]

પાકે ઘડે કાંઠા ન ચડે.

21) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે કડું.

22) નીચેના શબ્દનો વિરોધી શબ્દ લખો. [1]

શ્રૃંગ

23) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો. [1]

હોંશ – હોશ

24) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

પાંગળો

25) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

ગીતાકાકી એ બે હાથ જોડયા.

26) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી.

27) 'ઢોંચકી' શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. [1]

28) નીચેના વાક્યની ભાવે વાક્ય રચના બનાવો. [1]

મયૂરે તરત કહી દીધું.

29) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો. [1]

અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ?
કાળતણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ?

30) 'ય મ ન સ ભ લ ગા' કયાં છંદનું બંધારણ છે? [1]

## વિભાગ – D

**31) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [20] [4]

ઉત્તમ વસ્તુ અધીકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે,
મત્સ્ય ભોગી બગલો મુક્તા ફળ દેખી ચંચુ ના ભરે!

અથવા

જે જન પામે પૂર્ણતા, તે ન કદી ફૂલાય,
પૂરો ઘટ છલકાય નહિં, અધુરો ઘટ છલકાય.

32) તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]

**33) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** [4]

"આજે તો બધે ઊંચા જીવન ધોરણની બૂમો પડી રહી છે. વાડીવજીફો, મોટર બંગલો, ફ્રીજ, ટીવી વગેરેને ઊંચું જીવન કહે છે. જુના વખતમાં પ્રામાણિક, પવિત્ર, સદાચારી જીવન ઊંચું જીવન ગણાતું. જેની જરૂરિયાત ઓછી તે ઊંચો ગણાતો પણ આજે તો ઊંચા જીવનની વ્યાખ્યા અવળી થઈ ગઈ છે. પરંતુ આ ઊંચું જીવન કે પછી અધોગતિનું જીવન? ઊંચા જીવન વિશેના આપણા અને પશ્ચિમના ખ્યાલમાં જમીન આસમાનનું અંતર છે. પહેલાં ગામમાં ડોશીઓ કહેતી કે 'હૈયું ન બાળજો, હાથ બાળજો' પણ આજે તો હૈયું બાળવાની વાત આવી ગઈ છે. હાથને સુંવાળા બનાવે છે, ઉપર મેંદી મૂકે છે. પહેલાં સવારે ઉઠતાં વેત હાથના દર્શન કરતાં. 'તારા પ્રતાપે દહાડો કાઢીશ' એવી ભાવના રહેતી. ઈશ્વરે બે હાથ આપ્યા છે એટલે તો છાતી કાઢીને ચાલી શકીએ છીંએ, નહિં તો ગાય, ભેંસ, બળદની જેમ વાંકા વળીને ચાલવું પડત. ભગવાને માણસને એક મોઢું અને બે હાથ આપ્યા છે. પણ આજે તો મોઢાં વધતાં જાય છે અને હાથ ઘટતા જાય છે. બહુ થાય તો હાથનો ઉપયોગ ઝૂટ મારીને બીજાનું પડાવી લેવામાં થાય છે. હાથનો સાચો ઉપયોગ થતો હોય તો કોઈ દિવસ તંગી ન વરતાય."

–રવિશંકર મહારાજ

**34) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]**

- હાય રે! કોરાના મહામારી.

  મુદ્દા :- પ્રસ્તાવના - વિશ્વના દેશોની સ્થિતિ - બેજવાબદારી - શહેરથી ગામડા સુધી સંક્રમણ - બચવાના ઉપાય - સરકારશ્રીના પ્રયત્નો - કોરોના વોરિયર્સ - આરોગ્ય કર્મચારી - પોલીસ - સફાઈ કર્મચારી - શિક્ષકોની ભૂમિકા - સામાજિક જાગૃતિ - સાવચેતી - ઉપસંહાર.

અથવા

- ભાવિ વિશ્વયુદ્ધની ભયાનકતા.

  મુદ્દા :- પ્રસ્તાવના - બે વિશ્વયુદ્ધોની ભયંકરતા - વિશ્વના વિચારકોની ચેતવણી - ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા - વિશ્વની આજની સ્થિતિ - અણુ યુદ્ધની ઝાંખી - માનવ સંહાર લીલા - ઉપસંહાર.

અથવા

- પ્રદૂષણ - સાર્વત્રિક સમસ્યા.

  મુદ્દા :- પ્રસ્તાવના - પ્રદૂષણના પ્રકાર અને તેના ભય સ્થાનો - ઔદ્યોગિક ક્રાંતિની અસરો - વસ્તી વિસ્ફોટની અસરો - પ્રદૂષણ મહાનગરોનો મહારોગ - અણુશસ્ત્રોના અખતરાની અસરો - પ્રદૂષણ ઘટાડવાના ઉપાયં - ઉપસંહાર.

♦♦♦♦